### ડભોઈ નગરપાલિકાના કારોબારી ચેરમેનના માર્ગદર્શન હેઠળ

# મધર મીરેકલ ટ્રસ્ટના સહયોગથી ૭૦ જેટલા જરૂરતમંદ પરિવારોને અનાજની કીટનું વિતરણ



(પ્રતિનિધિ) ડભોઇ,તા. ૬

હાલમાં જ્યારે કોરોના મહામારી ચાલી રહી છે અને આંશિક લોકડાઉનને પગલે મંદીનો માહોલ ચાલી રહ્યો છે. તેવામાં ડભોઇ નગરમાં પણ છેલ્લા કેટલાય દિવસોથી સ્વૈચ્છિક લોકડાઉન અમલમાં છે.

જેના પરિણામે રોજેરોજ મજૂરીકામ કરી પોતાનો જીવન નિર્વાહ કરતા જરૂરતમંદ પરિવારોને જીવનનિર્વાહ કરવાનું હાલમાં કઠીન બની રહ્યુ છે ત્યારે '' માનવ સેવા પરમ ધર્મ '' ઉક્તિ ને ધ્યાનમાં રાખી ડભોઇ નગરમાં ડભોઇ નગરપાલિકાના કારોબારી ચેરમેન અને યુવા ભાજપા અગ્રણી વિશાલ શાહના માર્ગદર્શન હેઠળ મધર મિરેકલ ટ્રસ્ટના સહયોગ થી નગરના ૭૦ જેટલા જરૂરતમંદ પરિવારોને આજરોજ અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યક્રમ દરમિયાન ડભોઇ નગરના સામાજિક કાર્યકરો અને મધર મિરેકલ ટ્રસ્ટના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કોરોના કાળમાં ૧૭૦૦ સિનિયર તબીબો હડતાલ કરશે તો કફોડી હાલત થશે

(પ્રતિનિધિ) અમદાવાદ, તા. ૬

સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા સિનિયર તબીબોએ સરકાર સામે બાયો ચડાવી વર્ષ ૨૦૦૮થી બાકી રહેલી બઢતી અંગે સરકાર ત્વરિત નિર્ણય લે તેવી માંગ કરી છે. સાથે જ તેઓને સાતમા પગાર પંચના લાભથી પણ સરકારી તબીબો વંચિત રખાયા છે.

એવામાં તેમણે અલગ અલગ ૧૫ માંગણીઓ મામલે સરકારને આવેદનપત્ર આપ્યા છતાં અસરકારક પગલાં નથી લેવાયા નથી. ત્યારે હવે આ તબીબોએ હડતાલ પર જશે તેવા સંકેતો આપ્યાં છે ત્યારે હવે તેમની સાથે જુનિયર ડોક્ટરો પણ જોડાશે. આ સંજોગોમાં કફોડી હાલત થવાની શક્યતાઓ સેવાઇ રહી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશને અગાઉ ૧૫ માંગણીઓ સાથે તબીબોની મહામારી વચ્ચે પ્રોફેસર તબીબોની હડતાળ શરુ કરી હતી. ૨૦૦૮ થી પેન્ડિંગ રહેલી ૧૫ માંગણીઓ અનેક રજુઆત બાદ પણ સરકાર વિચારણા નહીં કરતી હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે. સાતમા પગાર પંચના લાભથી પણ ૧૭૦૦ જેટલા ડોક્ટરો વંચિત રહ્યાં હોવાનું સિનિયર ડોક્ટરોએ જણાવ્યું હતું. કોરોના કાળમાં તમામ ડોક્ટરો કામથી અળગા રહે તો કફોડી હાલ સર્જાવાના એંધાણ છે. ૧૦ વર્ષની સેવા બાદ વિકલ્પ આપી પ્રાઇવેટ પ્રેક્ટિસની છૂટ આપવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. જીપીએસસી પરીક્ષાઓમાં સરકારી મેડિકલ અને સંલગ્ન કોલેજોમાં ફરજ બજાવતાં પૂર્ણકાલીન શિક્ષકોને પ્રાથમિકતા આપવાની માંગ પણ કરાઈ છે.

એક યાદીમાં જુનિયર ડોક્ટર એસોસિએશને જણાવ્યું હતું કે રાજયના સરકારી તબીબો, શિક્ષકો છેલ્લા એક વર્ષથી સરકારની સાથે કોરોનાને મ્હાત આપવા તનતોડ મહેનત કરી રહ્યાં છે. રાત કે કોઈ પણ પ્રકારની પરિસ્થિતિને જોયા વિના અવિરત ફરજ બજાવી છે. પરંતુ આ કોરોના વોરિયર્સ પોતાની માંગણીઓ નહીં સંતોષાતા વ્યથિત છે. તેમણે હડતાળ કરવા અંગેનું આવેદન પત્ર પણ પાઠવ્યું છે. જ્યારે કોરોનાના દર્દીઓમાં ધરખમ વધારો થયો ત્યારે આ ડોક્ટરોએ પોતાની હડતાળ પાછી ખેંચી લીધેલ છે. પરંતુ તેમ છતાં તેમના પ્રશ્નો અંગે કોઈ સંવેદનશિલતા દાખવી નહીં અને તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે. ત્યારે અમે તેમની હડતાળને સંપૂર્ણ ટેકો જાહેર કરીએ છીએ.

કોરોનાના કપરા કાળમાં દર્દીઓને હોસ્પિટલમાં બેડ અને વેન્ટિલેટર સહિત ઓક્સિજનની સુવિધા મળતી નથી. હાલમાં કેસો વધી રહ્યાં હોવાથી તબીબો પણ દર્દીઓની સેવામાં રાત દિવસ લાગ્યાં છે.

ત્યારે આ હડતાળથી દર્દીઓને ભારે હાલાંકી વેઠવાનો વારો આવશે. ડોક્ટરોની આ હડતાળમાં રાજ્યભરના આશરે ૧૭૦૦ ડોક્ટરોનું સંગઠન જોડાયેલું હોવાનું જાણવા મળ્યું છે. આ હડતાળમાં આવનાર દિવસોમાં અન્ય જુનિયર ડોક્ટરો પણ જોડાય તેવી શક્યતાઓ છે. અગાઉ જુનિયર ડોક્ટરોએ ધન્વંતરી હોસ્પિટલમાં નોકરી મામલે હંગામો કર્યો હતો પણ તેમને સમજાવવાથી માની ગયાં હતાં.

### હાઈકોર્ટની ફરી પાછી સરકારની કાઢી ઝાટકણી

# લોકો બિનજરૂરી આંટાફેરાં કરતા રહેશે તો સંક્રમણની ચેઇન તોડી શકાશે નહી

(પ્રતિનિધિ) અમદાવાદ, તા. ૬

ગુજરાત હાઇકોર્ટે સમક્ષ હાથ ધરાયેલી આજે ફરી વચગાળાની સૂનાવણીમા કોવિડ સુઓમોટોની સુનાવણીના આદેશમાં ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ ભાર્ગવ ડી. કારિયાની ખંડપીઠે નોંધ્યું છે કે રાજ્ય સરકારે ૨૭મી એપ્રિલના રોજ પરિપત્ર જાહેર કરી વિવિધ પ્રતિબંધો લાદ્યા હતા, પરંતુ કોરોનાના સંક્રમણની ચેઇન તોડવા માટે આ પગલાં પૂરતા નથી. વર્તમાન પરિસ્થિતિને અંકુશમાં લેવાં અને સંક્રમણની ચેઇન તોડવા વધુ પગલાં લેવા જરૂરી છે, તેમજ લોકોને પણ તેઓ બિનજરૂરી રીતે બહાર ન નીકળે તે બાબતે સજાગ કરવાના પ્રયત્નો કરવા જોઇએ. અમે આ અંગે કોઇ નિર્દેશો કે ભલામણ કરવા નથી માગતા પરંતુ સરકારે વ્યાપક જાહેર હિતને ધ્યાનમાં રાખીને નિર્ણય કરવો જોઇએ.

ગુજરાત હાઇકોર્ટે ગઇકાલની સુઓમોટો સુનાવણીના આજે જારી થયેલા આદેશમાં ખંડપીઠે નોંધ્યું છે કે સંક્રમણની ચેઇન તોડવા અંગેના પ્રતિબંધો વિશે અમે કોઇ નિર્દેશ કે ભલામણો કરવા માગતા નથી, પરંતુ રાજ્ય સરકાર જાહેર હિતને ધ્યાનમાં રાખીને કોઇ નિર્ણય કરે તે જરૂરી છે. બિનજરૂરી આટાફેરા મારતા અટકાવવા કોઇ પગલાં લેવામાં નહીં આવે તો અન્ય નાગરિકોને મુશ્કેલી વેઠવાનો વારો આવશે.

આ ઉપરાંત કોર્ટે સરકારને નિર્દેશ આપ્યા છે કે દરેક શહેરમાંના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અન્ય હોસ્પિટલમાં લોકોને આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા માહિતી આપવામાં આવે અને તેમને ટેસ્ટિંગની સુવિધા જલદીથી કેવી રીતે મળી શકે તે અંગે પણ કોર્ટને માહિતગાર કરવાની રહેશે. કોર્ટે રાજ્ય સરકારને ઓક્સિજન વ્યવસ્થાપન, આર.ટી.-પી.સી.આર. ટેસ્ટિંગ સુવિધા, રેમડેસિવિર, જી.એમ.ડી.સી.ની ધન્વંતરિ હોસ્પિટલ, હોસ્પિટલોમાં ખાલી બેડનો રિયલ ટાઇમ ડેટા વગેરે ૧૦ મુદ્દાઓ પર વિગતવાર સોગંદનામું રજૂ કરવા નિર્દેશ કર્યો છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારને પણ જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. આ કેસની વધુ સૂનાવણી ૧૧મીના રોજ હાથ ધરાશે.

## યુવતી ગુમ થયેલ છે

વડોદરા, તા.૦૬

વડોદરા શહેરના માંજલપુરમાં રહેતા શ્રી બાલેશ્વર પત્રસ ટોપ્પોની પૂત્રી કિરણકુમારી તા.૦૮-૦૪-૨૦૨૧ના રોજ ગુમ થયેલ છે. કિરણકુમારી શરીરે મજબૂત બાંધાના, રંગે ઘઉંવર્ણા, ઉંચાઈ ૪.૭ ફુટ અને તેઓ હિન્દી ભાષા જાણે છે. તેમના સંબંધિત કોઈ જાણકારી મળ્યે માંજલપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

### ૩૦ વર્ષથી મસ્ક્યૂલર ડીસ્ટ્રોફીથી પીડાતા

# તુષાર દેસાઈ તબીબોના અથાક પ્રયાસો છતાં કોરોના સામે જંગ હારી ગયા

વડોદરા, તા.૦૬

પારાવાર વેદનાઓ વચ્ચે પણ સહ્દયતા સભર સંવેદનાનો અનોખો પ્રેરક કિસ્સો કારમા કોરોનાના કાળમાં સામે આવ્યો છે. શહેરની સરકારી ગોત્રી હોસ્પિટલના કોરોના વિભાગમાં જેના સ્વજનનું કોવિડથી દુ:ખદ અવસાન થયું તેવા પરિવારે આ દવાખાનાના તબીબો અને ટીમે પોતાના સ્વજનને બચાવવા કરેલા અથાક પ્રયત્નો અને ઉમદા તબીબી સેવાઓને દિલથી બિરદાવી છે.ઘટના એવી છે કે, લગભગ પંચાવન વર્ષની ઉંમરના તુષાર વિનાયક દેસાઈ ( હવે સ્વર્ગસ્થ) આનુવંશિક બીમારી મસ્કૂલર ડીસ્ટ્રોફિને લીધે છેલ્લા લગભગ 30 વર્ષથી પીવા ખાવા સહિત જાતે કશું જ ન કરી શકાય એવી કારમી અસહાયતા આપતી અપંગતાનો ખૂબ જ ખમીર અને ખુમારી સાથે મુકાબલો કરી રહ્યાં હતાં.આ બીમારી આમ તો જન્મજાત હોય છે.પરંતુ બચપણમાં એકદમ તંદુરસ્ત દેખાતો આ બીમારી પીડિત વ્યક્તિ જેમ જેમ ઉંમર વધે તેમ તેમ હાથ, પગ સહિતના શારીરિક હલન ચલન અને પ્રવૃત્તિઓ માટે અગત્યના અંગો - દ્દશર્ફિહ જ્ઞલિફ્ક્ષત ના સ્નાયુઓના ક્રમશ: વિઘટનને લીધે તમામ દૈનિક ક્રિયાઓ માટે અન્ય પર આધારિત બનતો જાય છે. એ ના તો જાતે ઉઠી શકે, ના બેસી શકે, ના સુઈ શકે, ના ખાઈ શકે એવી પારાવાર અપંગતાનો ભોગ બને છે.તેમ છતાં, સ્વ.તુષારભાઈ આ બીમારી સામે ખૂબ જ મક્કમ મનોબળથી જીવી રહ્યાં હતાં. તેઓને મોટેભાગે બેસીને સમય પસાર કરવો પડતો, કોઈને કસમયે તકલીફ ના આપવી પડે તે માટે આખી રાત બેસીને પસાર કર્યા પછી વહેલી સવારે માંડ એકાદ કલાક આડે પડખે થતાં છતાં સહુને જે રીતે બની શકે તે રીતે મદદરૂપ થવાના એમના સ્વભાવે ભારે ચાહક વર્ગ ઊભો કર્યો હતો. કિસ્મત સામેની તેમની આ લડાઇમાં ૯૩ વર્ષના તેમના માતાનું અડીખમ પીઠબળ હતું. તેમની બહેનો, બનેવીઓ અને ભાણેજો તેમની પડખે હતા. અને તેમને ભગવાને સુખદુ:ખના સાથી જેવો એક સેવક દીપક મેળવી આપ્યો હતો જે તેમની જરૂરિયાતોની કાળજી લેતો.તુષારભાઈની પ્રકૃતિ જેવી એમની વિચારધારા પણ અલગારી હતી. એમના દિવંગત પિતા સરકારના ઉચ્ચ અધિકારી હતા. એમનું પેન્શન માતાને મળતું. તુષારભાઇ એ પોતે પણ જ્યારે કામકાજ કરી શકે તેવી હાલત હતી ત્યારે તેમનો તર્મિ ાભજ્ઞ નો વ્યવસાય અને અન્ય વ્યવસાયિક કામો કર્યા હતા. એટલે તેઓ માનતા કે સરકાર પેન્શન આપે છે ત્યારે વધારાની રકમ બેંકમાં પડી રહે એના બદલે લોકોને મદદરૂપ થવા માટે વાપરવી એ જ શ્રેય માર્ગ છે. આ બધા વચ્ચે તેમને કોરોનાની અસર જણાઈ. સોમવારની સવારે એમને ગોત્રી હોસ્પિટલ લઈ ગયા અને માત્ર ૧૫ મિનિટમાં દાખલ થવાની પ્રક્રિયા પૂરી કરી ફરજ પરના લોકોએ તેમને ક્ષબિળ થી વધુ પ્રમાણમાં ઓક્સિજન આપવાની સાથે સારવાર ચાલુ કરી.કોરોનાના દર્દી પાસે કોઈ સ્વજન ને રહેવાની છૂટ નથી.અને આ દર્દી પોતાની જાતે કશું જ ન કરી શકે એવો સર્વથા અસહાય.આ વાત ખાસ ફરજ પરના અધિકારી ડો.વિનોદ રાવના ધ્યાને મુકવામાં આવતાં, તેમણે સહ્દયતા દાખવી આ દર્દી માટે ખાસ સહાયક મૂકવા સૂચના આપી જેનો ત્વરિત અમલ પણ થયો. ડો.મીનાક્ષી શાહ, ડો.શીતલ મિસ્ત્રી સહિત સહુનો સહયોગ મળ્યો અને નિર્વિઘ્ને સારવાર ચાલુ થઈ.પરંતુ જાણે કે તેમનું આયખું ખૂટ્યું હોય તેમ તાજ્ઞ ૨ ઘટીને ૫૧ થઈ ગયું. તેમને બાય પેપ પર મૂકી પૂરજોશથી ઓક્સિજનચાલુ કરાયો. એટલે થોડી સ્થિરતા આવી. પરંતુ એ જાણે કે બુઝાતા દીવાની પ્રકાશમય જ્યોત હતી. બુધવારની રાતે તેમના આત્મા એ દેહ છોડી દીધો. તેમનામાં એટલે ખુમારી હતી કે બેભાન થયા તે પહેલાં સોમવારની રાત્રે જ્યારે એક નર્સ બહેને વિડિયો કોલ કરાવ્યો ત્યારે પણ તેમણે એકદમ બુલંદ અવાજે વાત કરી હતી. એમ.ડી.પીડિત દર્દી બહુ લાંબુ જીવતા નથી. પણ મક્કમ મનોબળથી તેઓ ૫૫ વર્ષ નું આયુષ્ય પામ્યા.કદાચ આ એક વિક્રમ જ છે.તેમના મોટા બહેન કલ્પના બૂચ કહે છે, દર્દીઓના અવિરત પ્રવાહ વચ્ચે જે ત્વરાથી એમના ભાઈની સારવાર ગોત્રી ખાતે શરૂ થઈ અને તબીબોએ જે અથાક પ્રયત્નો કર્યા,અન્ય લોકોએ જે સેવા આપી.

# ક્રાફ્ટન દ્વારા બેટરગ્રાઉન્ડ્સ મોબાઈલ ઈન્ડિયાની ઘોષણા

સાઉથ કોરિયન વિડિયો ગેમ ડેવલપર ક્રાફ્ટન દ્વારા આજે બેટલગ્રાઉન્ડ્સ મોબાઈલ ઈન્ડિયા રજૂ કર્યાની ઘોષણા કરવામાં આવી હતી. ક્રાફ્ટન દ્વારા વિકસિત આ ગેમ મોબાઈલ પર વિશ્વ કક્ષાનો એએએ મલ્ટીપ્લેયર ગેમિંગ અનુભવ આપશે. બેટલગ્રાઉન્ડ્સ મોબાઈલ ઈન્ડિયા આઉટફિટ્સ અને ફીચર્સ જેવી ખાસ ઈન-ગેમ ઈવેન્ટ્સ સાથે રિલીઝ થશે અને ટુર્નામેન્ટ્સ અને લીગ્સ સાથે પોતાની ઈસ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ ધરાવશે. ગેમ મોબાઈલ ડિવાઈસીસ પર ફ્રી- ટુ- પ્લે અનુભવ તરીકે પણ લોન્ચ કરાશે. બેટરગ્રાઉન્ડ્સ મોબાઈલ ઈન્ડિયા બેટલનો શાહી અનુભવ કરાવતો હોઈ લોન્ચ પૂર્વે પૂર્વ- નોંધણીનો સમયગાળો ધરાવશે. ગેમ ભારતમાં જ રમવા માટે ઉપલબ્ધ બનશે. ક્રાફ્ટન લોન્ચ સમયે ભારત વિશિષ્ટ ઈન-ગેમ ઈવેન્ટ્સની સિરીઝ સાથે આરંભ કરતાં નિયમિત રીતે ઈન-ગેમ કન્ટેન્ટ લાવશે, જે પછીથી જાહેર કરાશે. પ્રાઈવસી અને ડેટા સિક્યુરિટી ટોચની અગ્રતા હોવાથી ક્રાફટન દરેક તબક્કે ડેટા રક્ષણ અને સલામતીની ખાતરી રાખવા માટે ભાગીદારો સાથે કામ કરશે. આને કારણે ગોપનીય અધિકારીનો આદર થાય તેની ખાતરી રહેશે અને સર્વ ડેટા કલેકશન અને સ્ટોરેજ ભારતમાં અને અહીંના ખેલાડીઓ માટે જ સર્વ લાગુ કાયદા અને નિયમન સાથે સંપૂર્ણ અભિમુખ રહેશે. અમે માનીએ છીએ કે આ સમયે તમારું આરોગ્ય અને સુરક્ષા સૌથી પ્રથમ અગ્રતા છે. આવા સમયે અમે તમને દરેકને સુપર પ્લેયર બનવા, સુરક્ષિત રહેવા, ઘરે રહેવા અને માસ્ક પહેરવા અનુરોધ કરીએ છીએ.


INEOS STYROLUTION

**INEOS STYROLUTION INDIA LIMITED**

CIN : L25200GJ1973PLC002436

**Registered Office:** 5th Floor, OHM House - II, OHM Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat. **Tel. :** +91 (265) 2303201 **Fax :** +91 (265) 2303203

**Email :** INSTY.secshare@ineos.com | **Website :** www.ineosstyrolutionindia.com

**NOTICE**

In compliance with provisions of Regulation 29, read with Regulation 47, of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015, notice is hereby given that a meeting of Board of Directors of the Company will be held on **May 19, 2021** to, inter alia, consider and approve the audited financial results of the Company for the fourth quarter and financial year ended on31st March, 2021.

The said notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com as well as on the websites of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, where the equity shares of the Company are listed.

By order of the Board

**For INEOS Styrolution India Limited**

Sd/-

**Date: May 06, 2021** **Abhijaat Sinha**

**Place: Vadodara** Head - Legal & Company Secretary


### પીઆઈબી આયોજિત વેબિનારમાં ખુલ્લા મને

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અખબારી આલમના મોભીઓ સાથે કોરોના અંગે મંત્રણા




અમદાવાદ, ૦૬

Rajbhavan rises in Corona crisis કેન્દ્ર સરકારના સૂચન બાદ કોરોના સામેની લડાઈમાં તમામ રાજ્યોના રાજભવનોએ સક્રિયતાથી કાર્યવાહી કરવાનું ચાલુ કરી દીધું છે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા રાજ્યની ધાર્મિક સંસ્થાઓના વડાઓ સાથે તાજેતરમાં એક બેઠક મળી હતી. બાદમાં તમામ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર્સની બેઠક બોલાવી રાજ્યપાલએ શિક્ષકો અને વિદ્યાર્થીઓને કોરોના વિરુદ્ધની સામૂહિક લડાઈમાં જોતરાઈ જવા અનુરોધ કર્યો હતો. આજે પીઆઈબી અમદાવાદ દ્વારા યોજાયેલ ખાસ વેબિનારમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આપેલા ચાવીરૂપ વક્તવ્યમાં ઉપરોક્ત બાબતો જણાવાઈ હતી. રાજ્યપાલએ રાજ્યની જનતા જોગ જાહેર માર્મિક અપીલ કરતાં કહ્યું કે મન સે જો હારા, વો હારા, મન સે જો જીતા, વો જીતા, રાજ્યપાલએ કોરોના મહામારી સામે દ્રઢ મનોબળની જાળવણી પર ભાર મૂકતાં કહ્યું કે સામૂહિક ચેતના દ્વારા જ આવી ભયંકર વ્યાપ અને તીવ્રતાવાળી મહામારીનો સફળતાપૂર્વક મુકાબલો કરી શકાશે. રાજ્યના પત્રકાર જગતના અગ્રણીઓ સાથે સંવાદ દરમિયાન રાજ્યપાલએ કહ્યું કે હોસ્પિટલોમાં તાલીમ પામેલ પેરામેડિકલ સ્ટાફની પૂરતી તૈનાતી માટે રાજ્ય સરકાર તમામ પગલાં લઈ રહી છે. એક પ્રશ્નના જવાબમાં રાજ્યપાલએ કહ્યું કે પ્રાકૃતિક ખેતી એ માત્ર આવક વધારવાનું જ સાધન નથી, પરંતુ હાનિકારક રસાયણોના ઉપયોગ વગર પ્રાકૃતિક સંસાધનોથી થતી આવી ખેતીના ઉપજરૂપ અનાજ, કઠોળ વગેરે રોગપ્રતિકારક શકિત વધારવાના અવ્વલ સાધનો છે. મોટા પાયે વૃક્ષારોપણ પ્રવૃત્તિને ઉત્તેજન અને વૃક્ષ છેદન પ્રવૃત્તિ પર અંકુશ - આ બંને ધ્યેયો અભિયાનના સ્વરૂપમાં આગામી દિવસોમાં રાજભવન ચલાવશે એમ પણ રાજ્યપાલએ ઉમેર્યું હતું.એક સ્વયંસેવી સંસ્થાના સહયોગથી કોરોના યોદ્ધાઓના પરિવારોને રાશનપાણીની કીટ પહોંચાડવાનું અભિયાન શરૂ થઈ ચૂક્યું હોવાની માહિતી પણ એમણે આપી હતી. પહેલા તબક્કામાં આવી ૧૧ હજાર કીટ રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાને ફાળવી હોવાની તેમજ તે વિતરિત થઈ ગઈ હોવાની વાત આચાર્ય દેવવ્રતજીએ કરી હતી. પત્રકારો સાથેની વાતચીતમાં મારું ગામ કોરોનામુક્ત ગામ અભિયાનને ટૂંક સમયમાં જ અપ્રતિમ સફળતા મળી હોવાનું એમણે જણાવ્યું હતું. ભવિષ્યમાં મીડિયા કર્મીઓને પણ રાજભવન દ્વારા કોરોના સહાયતા કીટ આપવામાં આવશે એવી રાજ્યપાલએ ખાતરી આપી હતી.

રાજ્યપાલના વેબ સંવાદમાં તમામ જિલ્લા કલેક્ટરઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા. વેબિનારમાં પીઆઈબી પશ્ચિમ ક્ષેત્રના મહાનિદેશક મનીષ દેસાઈ, પીઆઈબી અમદાવાદના અપર મહાનિદેશક ડો. ધીરજ કાકડિયા તેમજ પીઆઈબી/આર.ઓ.બી.ના ઈન્ચાર્જ ડાયરેક્ટર શ્રીમતી સરિતા દલાલ ઉપરાંત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના પત્રકાર જગતના મોભીઓ એવા સર્વ, અજય ઉમટ, પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા, મહેશ લિલોરિયા, ભવેન કચ્છી, અનિલ દાસાણી, રૂચિર રેશમવાલા તેમજ પત્રકારત્વ તાલીમ સંસ્થાના વડા ડો. શિરિષ કાશીકર વગેરેએ ઉપસ્થિત રહી રાજ્યપાલશ્રી સાથેના સંવાદમાં ભાગ લીધો હતો.

## અજાણી સ્ત્રીના વાલીવારસોએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં સંપર્ક કરવો

વડોદરા, તા.૦૬

નામ - સરનામાની ખબર નથી તેવા આશરે ૬૨ વર્ષીય અજાણી મહિલાને તા.૦૨-૦૫-૨૦૨૧ના રોજ ખેંચ આવતા તે બેભાન થઇને પડી જતાં ૧૦૮ સેવા મારફતે એસએસજી હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા તે સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા છે. તેનો આરટીપીસીઆર પોઝીટીવ આવ્યો હતો. મૃત્તકનું પોસ્ટ મોર્ટમ થયું નથી. મૃત્તકની લાશ એસએસજી હોસ્પિટલના કોલ્ડરૂમ ખાતે રાખવામાં આવી છે.


**Notice Inviting Applications**

शोपिंग कॉम्प्लेक्स, मकरपुरा मिलिट्री कैंप में दुकानें आवंटित करने के लिए आवेदन आमंत्रित किए गए हैं। निम्नलिखित पात्र हैं: -

1. युद्ध विधवाएँ
2. रक्षा कार्मिकों की विधवाएँ।
3. विकलांग सैनिक।
4. एक्स सर्विसमैन और पत्नी।
5. भूतपूर्व सैनिकों की विधवाएँ।

इच्छुक आवेदक hokihoinaho@gmail.com पर 22/05/2021 तक आवेदन कर सकते हैं।

बड़ौदा 04/05/2021

लेखा अधिकारी वडोदरा सैन्य शिविर



